**CRMA CASE No.** 26/2026

**આંક–૧ નીચે હુકમ**

સામાવાળા જુનાગઢ જેલમાં ભરણપોષણના કેસના કામે હોય જેથી હાલની અરજીની નોટીસ જેલર મારફતે બજી આવતા વિડીયો કોન્ફરન્સ મારફતે સામાવાળાને હાલની અરજી સબબ ચડેલ ભરણપોષણની રકમ જમા કરાવવા બાબતે પુછતા તેઓએ કોઇ સંતોષકારક જવાબ આપેલ નથી. સામાવાળાની અરજદાર સાથે વિડીયો કોન્ફરન્સથી વાતચીત કરાવતા પણ સામાવાળાએ ભવિષ્યમાં ભરણપોષણની રકમ ચુકવશે તેવો કોઇ વિશ્વાસ આપેલ નથી. સામાવાળાને વધુ સમય પણ આપવામાં આવે તો પણ તેઓ ભરણપોષણની રકમ જમા કરાવશે તેવી કોઇ બાહેધરી સામાવાળા પાસેથી મળતી નથી. સામાવાળાએ ભરણપોષણનો હુકમ જે તા. ૨૨/૦૪/૨૦૨૪ ના રોજ થયેલ છે તે હુકમ મુજબ એકપણ રુપીયો જમા કરાવેલ નથી કે અરજદારને આપેલ નથી અને સદર હુકમ કોઇ ઉપરી અદાલતમાં પડકારેલ હોય તેવુ પણ થયેલ નથી. તેવા સંજોગોમાં સામાવાળા હાલની અરજી સબબ ભરણપોષણની રકમ જમા કરાવવાની દાનત ધરાવતા હોય તેવુ જણાતુ ન હોય અને તે બાબતે વિડીયો કોન્ફરન્સથી સામાવાળાને તા. ૧૮/૦૪/૨૦૨૬ તથા તા. ૨૧/૦૪/૨૦૨૬ ના રોજ વિગતવાર સાંભળી અત્રેની કોર્ટને સંતોષ થયેલ છે તેથી સદરહુ ભરણપોષણની રકમ સામાવાળા ભરવા કે અરજદારને આપવા માંગતા ન હોય તેવુ માની આગળ યોગ્ય હુકમ માટે મુલત્વી રાખવામાં આવે છે.

ઉના.
તા. ૨૧/૦૪/૨૦૨૬

(નીરજકુમાર યાદવ)
એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ અને
બીજા એડીશ્નલ સીનીયર સીવીલ જજ,
ઉના